Received on : 25-02-2026
Registered on : 25-02-2026
Decided on : 09-03-2026
Duration : Y M D
- - 12

**જુનાગઢના મે. પાંચમા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. જુનાગઢ.**
**<u>ફોજદારી પરચુ. અરજી નં. ૧૫૬/૨૦૨૬.</u>**
**આંક– ૦૮**

નિશાબેન ધીરેનભાઈ કારીયા,
ઉ.વ.આ.૪૨, ધંધો–ઘરકામ, ધર્મે–હિન્દુ,
રહે. બ્લોક નં.–૪૦૨, આશીર્વાદ એપાર્ટમેન્ટ,
જલારામ સોસાયટી, જૂનાગઢ. ....**અરજદાર/આરોપી**

**<u>–:: વિરૂધ્ધ ::–</u>**

શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ. ......**સામાવાળા**

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૪૮૨ હેઠળ આગોતરા જામીન અરજી.

**ગુન્હો :–** ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૩૧૮(૨), ૩૧૬ (૫), ૩૧૯,૩૩૬(૩), ૩૪૦, ૫૪ તથા આઈ. ટી. એકટની કલમ–૬૬(સી), દુરસંચાર અધિનિયમ એકટની કલમ–૪૨(૩)સી મુજબ.

**સંદર્ભ:–** જૂનાગઢ બી–ડીવીઝન પો. સ્ટે. ગુ. રજી. નં. ૧૧૨૦૩૦૨૪૨૫૦૫૭૨/૨૦૨૫.

---

અરજદાર/આરોપી તરફે વિ. વકીલશ્રી જે. આર. જોષી.
સામાવાળા શ્રી સરકાર તરફે વિ. પી. પી. શ્રી એન. કે. પુરોહીત.

---

**-: હુકમ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપી સામે જૂનાગઢ બી-ડીવીઝન પો. સ્ટે. ગુ. રજી. નં. ૧૧૨૦૩૦૨૪૨૫૦૫૭૨/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૩૧૮(૨), ૩૧૬ (૫), ૩૧૯,૩૩૬(૩), ૩૪૦, ૫૪ તથા આઈ. ટી. એકટની કલમ-૬૬(સી), દુરસંચાર અધિનિયમ એકટની કલમ-૪૨(૩)સી મુજબના ગુનાને કામે પોલીસ અરજદારની સંભવીત ધરપકડ કરે તેવી દહેશત હોય, અરજદારે બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૨ મુજબ આગોતરા જામીન ઉપર મુકત થવા માટે તેમના વકીલશ્રી મારફત હાલની આ અરજી દાખલ કરેલ છે. જે અરજી દાખલ થતા સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા સરકારશ્રી તરફે વિદ્વાન જીલ્લા સરકારી વકીલશ્રી એન.કે.પુરોહીત હાજર થયેલા. તેઓએ પોલીસ તપાસના કાગળો તથા તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું આંક-૦૭ થી રજુ કરેલ છે.

**(૨)** અરજીના અનુસંધાને અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી ને તથા સામાવાળા સરકારશ્રી તરફે વિદ્વાન જીલ્લા સરકારી વકીલશ્રી એન. કે. પુરોહીતને રૂબરૂ સાંભળ્યા. અરજીમાં જણાવેલ હકીકતો અને અરજી સાથે રજુ કરેલ પેપર્સ તથા પોલીસ તપાસના કાગળો અને તપાસ કરનાર અમલદારે આંક-૦૭ થી રજુ કરેલ સોગંદનામું વંચાણે લીધુ.

**(૩)** અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી સામે નોંધાયેલ ગુન્હાના કામે પોલીસ અધિકારી અરજદાર /આરોપીની ધરપકડ કરે તેવી દહેશત હોય હાલની આગોતરા જામીન અરજી કરેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીએ અગાઉ ફોજ. પરચુ. અરજી નં. ૪૭૯/૨૫ થી આગોતરા જામીન અરજી કરેલ નામંજુર થયેલી અને હાલ બદલાયેલા સંજોગોમાં આ

કામના તમામ આરોપીઓ કે જેઓ પાસેથી સીમકાર્ડ મળેલા તેઓને નામદાર ગુજરાત હાઈકોર્ટે જામીન મુકત કરેલ છે તેમજ અરજદાર સ્ત્રી આરોપી હોય, સમગ્ર બનાવમાં અરજદારનો કોઈ રોલ ન હોય અરજદાર/આરોપીને આગોતરા જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં રજુઆત છે કે, આ કામની ફરીયાદ ૧૮ કલાક મોડી કરેલ છે અને અરજદાર એકમાત્ર ધીરેન કારીયાના પત્નિ હોય, અન્ય આરોપી પરમના માતા હોય ગુન્હામાં ખોટી રીતે સંડોવી દીધેલાનુ સ્પષ્ટ થાય છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપી જણાવેલ સરનામે રહે છે, તપાસમાં સાથસહકાર આપે છે, અરજદારના નામે એકપણ સીમકાર્ડ મળેલ નથી કે કબજે કરવાનુ બાકી નથી, અરજદાર ગુન્હાહીત ઈતિહાસ ધરાવતા નથી, કયાંય નાસી–ભાગી જાય તેમ નથી, શરતો પાળવા અને જામીન આપવા તૈયાર છે જે તમામ હકીકતે તેમજ નામદાર સુપ્રિમકોર્ટના  સિધ્ધરાજ સતલીંગપ્પા વિ. સ્ટેટના ચૂકાદાના સિધ્ધાંતને ધ્યાને લઈ અરજદાર / આરોપીની આગોતરા જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે સરકાર તરફે વિદ્વાન વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, આ કામના આરોપી નં.–૧, ૨ નાએ પોતાની દુકાને આવતા ગ્રાહકોની જાણ બહાર ઠગાઇ પુર્વક ગ્રાહકોના નામે સીમકાર્ડ રજિસ્ટર કરી આ ઠગાઇથી મેળવેલ સીમકાર્ડ આરોપી નં.–૩ને વેચાણથી આપી અને આરોપી નં.–૩ નાએ મેળવેલ સીમકાર્ડ બીજાના નામના તથા ઠગાઇથી મેળવેલ હોવાનું જાણતો હોવા છતા પોતાના અંગત આર્થીક ફાયદા સારૂ આ સીમકાર્ડ પૈકી અલગ અલગ મોબાઇલ નંબરના કુલ–૦૬ સીમકાર્ડ આરોપી નં.–૪ મારફતે આરોપી નં.–૫ એટલે કે, અરજદાર/આરોપી તથા નં.–૬ ને રૂ.૭,૦૦૦/– માં વેચાણ કરી આર્થીક નફો મેળવી અને અનુક્રમ નં.૫, ૬ નાઓએ કોઇપણ ગુન્હાહીત પ્રવુતી કરવા તથા જુનાગઢ સી ડીવી.પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૩૦૦૪૨૫૦૨૦૧ના પકડવાના બાકી આરોપી ધિરેન અમૃતલાલ

કારીયાને પોલીસ પકડથી દૂર રાખવા માટેની મદદ કરવા સારૂ જાણી જોઇને બીજાના નામે રજિસ્ટર થયેલ ઉપર મુજબના સીમકાર્ડ મંગાવી તે પૈકી એક સીમકાર્ડ આરોપી/અરજદારના કહેવાથી ધિરેન કારીયાના ગેરકાયદેસર દારૂના ધંધાનો હિસાબ રાખનાર મુનીમ કલ્પેશભાઇ સીરીષચંદ્ર શાહને આરોપી નં.-૩ નાએ મોકલી આપેલ હોય. તેમજ આરોપી નં.-૪ નાએ આરોપી નં.-૫ ને મોકલાવેલ એપલ કંપનીના આઇફોન આઇ.એમ.ઇ.આઇ. નં. 353058110210789 માં તેમજ મો.નં. ૯૫૮૩૪૭૬૩૦૨ ના સીમકાર્ડનો અરજદાર/આરોપીએ ઉપયોગ કરી તમામ આરોપીઓએ ગુન્હામાં એકબીજાને મદદગારી કરી ગુન્હો કરેલ છે. હાલ આ ગુન્હાની તપાસ ચાલુ છે, તપાસ દરમ્યાન વધુ આરોપીઓના નામ ખુલે તેમ હોય અને ગુન્હાની ગંભીરતા જોતા અરજદાર/આરોપીને આગોતરા જામીન મુકત કરવામાં આવશે તો ચાલુ તપાસને નુકશાન કરે તેમ છે અને નાસી-ભાગી જવાની પણ પુરી શકતા રહેલી છે અને અરજદાર/આરોપીએ ગંભીર પ્રકારનો ગુન્હો આચરેલ હોય આગોતરા જામીન મુકત થયે આવા પ્રકારના ગુન્હા આચરશે જે તમામ હકીકતે તેમજ તપાસ કરનાર અમલદારના સોગંદનામાની હકીકતે અરજદાર/ આરોપીની આગોતરા જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લીધી તથા અરજીમાં જણાવેલ હકીકતો, અરજી સાથે રજુ કરેલ પેપર્સ, પોલીસ તપાસના કાગળો અને તપાસ કરનાર અમલદારે રજુ કરેલ સોગંદનામું ધ્યાને લીધુ.

આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટ અને નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓના માર્ગદર્શક સિધ્ધાંતો જોઈએ તો, નામદાર ગુજરાત હાઈકોર્ટએ Nirmil Jitendrabhai Shah V/s State of Gujarat (20222 (0) GUJHC 19590 ) ના પારા ૧૨ જોઈએ તો,

"12. A close look to Section 438 Cr.PC demonstrates that grant of anticipatory bail is a matter of judicial discretion and the Court must be satisfied that a fit case had been made out by accused for exercise of such discretion. The Court has to make an effort to strike a balance between the individual's right to personal freedom and the investigational rights of the police. The provisions of Section 438 Cr.PC are not to be applied mechanically. The phraseology "if it thinks fit" avail able in the body of the Section reading with Sec tion 438 (2) of the Cr.PC is indicative enough that such order on the face of it must show the reasons for granting anticipatory bail."

આમ, આ ચુકાદ મુજબ, કોર્ટએ વ્યકિતગત સ્વાતંત્રય અને તપાસનીશ અધીકારીના તપાસના અધીકાર વચ્ચે સમતુલન જાળવવાનું છે અને અદાલતે કારણો આપી વીવેકબુધ્ધિની સત્તાનો ઉપયોગ આગોતરા જામીન મંજુર કરતી વખતે કરવો જોઈએ.

વધુમાં Pratibha Manchanda V/s The State of Haryana, reported in (AIR 2023 SC 3307)ના પારા ૧૯ જોઈએ તો સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,

The relief of Anticipatory Bail is aimed at safeguarding individual rights. While it serves as a crucial tool to prevent the misuse of the power of arrest and protects innocent individuals from harassment, it also presents challenges in maintaining a delicate balance between individual rights and the interest of justice. The tight rope we must walk lies in striking a balance between safeguarding individual rights and protecting public interest. While the right to liberty and presumption of innocence are vital, the Court must also

consider the gravity of the offense, the impact of the society, and the need for a fair and free investigation, the Courts discretion in weighing these interests in the facts and circumstances of each individual case becomes crucial to ensure a just outcome.

આમ, આ ચુકાદા મુજબ કોર્ટએ આગોતરા જામીનની રાહત ધરપકડની સત્તાનો દુરૂપયોગથી વ્યકિતગત અધિકારોનું રક્ષણ કરવાની છે. વળી, વ્યકિતગત અધીકારો અને ન્યાયના હીત વચ્ચે નાજુક સંતુલન જાળવવાનું છે. સ્વતંત્રતાનો અધીકાર અને નીર્દોષ હોવાનુ અનુમાન મહત્વપુર્ણ બાબત છે ત્યારે કોર્ટએ ગુનાની ગંભીરતા, સમાજ પર અસર અને ન્યાયી અને મુકત તપાસની જરૂરીયાતને પણ ધ્યાને લેવાની છે. ન્યાયનું હીત સુનિશ્ચિત કરવા માટે દરેક કેસની હકીકતો અને સંજોગોનો વીવેકપુર્ણ ઉપયોગ થવો જોઈએ.

ફરીયાદ તથા તપાસના કાગળો જોતા અરજદાર/આરોપી સામે ખોટા નામે ઠગાઈ કરવાનો, ગુનાહિત વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવાનો અને ખોટો દસ્તાવેજનો ખરા તરીકે ઉપયોગ કરવાનો અને ઈલેકટ્રોનીક ઓળખ સુવિધાનો કપટપુર્ણ અથવા અપ્રમાણિક રીતે ઉપયોગ કર્યાનો અને ટેલીકોમ્યુનીકેશન ઓળખકર્તાઓ સાથે એકબીજાની મદદગારીમાં ચેડા કરવાનો આક્ષેપ છે.

આંક ૭ નું ત.ક.અ.નું સોગંદનામું જોતા આરોપી/અરજદારનો આ ગુનામાં રોલ જુનાગઢ સી ડીવી. પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૦૩૦૦૪૨૫૦૨૦૧ના પકડવાના બાકી આરોપી ધિરેન અમૃતલાલ કારીયાને પોલીસ પકડથી દૂર રાખવા માટેની મદદ કરવા સારૂ જાણી જોઇને બીજાના નામે રજિસ્ટર થયેલ ઉપર મુજબના સીમકાર્ડ મંગાવી તે પૈકી એક સીમકાર્ડ આરોપી/અરજદારના કહેવાથી ધિરેન કારીયાના ગેરકાયદેસર દારૂના ધંધાનો હિસાબ રાખનાર

મુનીમ કલ્પેશભાઇ સીરીષચંદ્ર શાહને આરોપી નં.-૩ નાએ મોકલી આપેલ હોય. તેમજ આરોપી નં.-૪ નાએ આરોપી નં.-૫ ને મોકલાવેલ એપલ કંપનીના આઇફોન આઇ.એમ.ઇ.આઇ. નં. 353058110210789 માં તેમજ મો.નં. ૯૫૮૩૪૭૬૩૦૨ ના સીમકાર્ડનો અરજદાર/આરોપીએ ઉપયોગ કરેલા બાબતે આરોપીની હાજરીની જરૂરત હોય, આરોપી/અરજદાર સામે આક્ષેપીત ગુનાની ગંભીરતા, સમાજ પર અસર અને ન્યાયી અને મુકત તપાસની જરૂરીયાતને પણ ધ્યાને લઈ અને ન્યાયનું હીત સુનિશ્ચિત કરવા માટે હાલના કેસની હકીકતો અને સંજોગોનો વીવેકપુર્ણ ઉપયોગ કરવો જરૂરી જણાય છે. વળી, આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદો Kalyan Chandra Sarkar vs. Rajesh Ranjan @ Pappu Yadav and Anr., (2004 (7) SCC 528) મા ઠરાવવામાં આવેલ છે તે જોઈએ તો, જામીન મંજુર કરતી અદાલતે તેમને મળેલ વીવેકબુધ્ધિની સત્તાનો ઉપયોગ ન્યાયીક રીતે કરવાનો છે નહી કે સામાન્ય રીતે. તે જ રીતે નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા Jameel Ahmad vs. Mohammed Umair Mohammed Haroon & Anr. (2022 LiveLaw (SC) 222) માં ઠરાવવામાં આવેલ છે કે, જામીનનો હુકમ અદાલતની વીવેકબુધ્ધિને આધીન છે અને તે હુકમ વીવેકપુર્ણ રીતે અને ચોકકસ સ્થાયી પરીમાણોનો ઉપયોગ કરીને અદાલતે કરવો જોઈએ. ગુનો જેટલો ગંભીર હોય જામીન નકારવાની શકયતા તેટલી વધુ હોય છે. જો કે આ કવાયત દરેક કેસના વાસ્તવીક હકીકતો ધ્યાને લઈ થવી જોઈએ. અદાલતે અન્ય બાબતો સાથે આરોપીએ ગુનો કર્યો છે કે કેમ અને ગુનાની ગંભીરતા અને આરોપી દ્વારા કોઈ અવરોધ ઉભો થવાની શકયતા અથવા ન્યાયની પ્રક્રિયાથી બચવાની સંભાવના વીગેરે દૃષ્ટિકોણ ધ્યાને લેવા જોઈએ. જામીન આપવાથી ન્યાયના વહીવટમાં જાહેર હીત અને આરોપીની વ્યકિતગત

સ્વતંત્રતા વચ્ચે યોગ્ય સંતુલન બને છે અને પ્રથમ દ્રષ્ટિએ આ વિશ્લેષણ રેકર્ડ આધારે કરવામાં આવે છે અને નીર્ણાયક નીષ્કર્ષ માટે અદાલતે રેકર્ડ પરના પુરાવાઓની વીગતવાર તપાસ કરી ગુંચવાવું ન જોઈએ તેમ ઠરાવેલ છે. આ કામે ફરીયાદપક્ષની રજુઆત અને કાયદાના પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતને ઘ્યાને લેતા અરજદાર/આરોપીને આગોતરા જામીન મુકત કરવાનું હાલના કેસમાં ન્યાયોચીત જણાતું નથી. કારણ કે હાલના કામે આરોપી/અરજદારે ગુનો કર્યાનું પ્રથમદર્શનીય તહોમત જણાય છે. અરજદાર/આરોપીએ જુનાગઢ સી ડીવી. પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૦૩૦૦૪૨૫૦૨૦૧ના પકડવાના બાકી આરોપી ધિરેન અમૃતલાલ કારીયાને પોલીસની પકડથી દુર રાખવા અન્ય સહઆરોપીઓ (જેમા તેઓના ભાઈ અને પુત્ર પણ સામેલ હોય) સાથે મેળાપીપણામાં અન્ય નામે નોંધાયેલા સીમકાર્ડ (ડમી સીમકાર્ડ) નો ઉપયોગ કર્યા સબંધે તેમજ આ પ્રકારના ગુનાને પ્રોત્સાહન મળે તો દેશની સુરક્ષાને ગંભીર ખતરો ઉભો થાય તેમ જણાય છે. જામીન અરજી જે તે કેસના મેરીટસ આધારે જોવાની હોય, અને અલગ અરજીના સંદર્ભમાં કરવામાં આવેલ ચોકકસ અવલોકનો આધારે તે નીર્ણીત કરી શકાય નહી પરંતુ અદાલતે વીવેકબુધ્ધિની સત્તાનો ઉપયોગ કરી નીર્ણીત કરવી જોઈએ. વળી, જામીન અરજી નીર્ણીત કરતી વખતે અદાલતે પુરાવાઓનું વિગતવાર વર્ણન અદાલતે કરવું જોઈએ નહી કારણ કે તેનાથી આરોપીને પક્ષપાત ઉભો થાય તેમ હોય તેવું નામદાર સર્વોચ્ચ અદાલતે Afzalkhan @ Babu Murtuza Khan Pathan versus State of Gujarat (2007 CrLJ 3223) ના ચુકાદામાં ઠરાવેલ છે. જેથી  જામીન અરજી તબકકે અરજીમાં લીધેલી તકરાર પુરાવો લીધા વીના જામીન અરજી તબકકે તે જોવાથી કોઈપણ પક્ષે અન્યાય થવાનો સંભવ છે.

આમ, હાલના કેસના સંજોગો જોતા આરોપી તપાસમાં પોલીસને સહકાર ન આપે તો તપાસમાં અવરોધ ઉભો થવાની શકયતા અથવા ન્યાયની પ્રક્રિયાથી બચવાની સંભાવના જણાય છે. વળી, જામીન આપવાથી ન્યાયના વહીવટમાં જાહેર હીત અને આરોપીની વ્યકિતગત સ્વતંત્રતા વચ્ચે યોગ્ય સંતુલન જોતા આ કામે આરોપી સામે  ખોટા નામે ઠગાઈ કરવાનો, ગુનાહિત વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવાનો અને ખોટો દસ્તાવેજનો ખરા તરીકે ઉપયોગ કરવાનો અને ઈલેકટ્રોનીક ઓળખ સુવિધાનો કપટપુર્ણ અથવા અપ્રમાણિક રીતે ઉપયોગ કર્યાનો અને ટેલીકોમ્યુનીકેશન ઓળખકર્તાઓ સાથે એકબીજાની મદદગારીમાં ચેડા કરેલાનો આક્ષેપ હોય, આ પ્રકારના ગુનાઓમાં આગોતરા જામીન મળી જાય તો જનમાનસ પર વીપરીત અસર થતી હોય, દેશની સુરક્ષા પણ આવા કૃત્યને હીસાબે જોખમાય તેમ હોય, પ્રથમ દ્રષ્ટિએ આ રેકર્ડ આધારે વિશ્લેષણ કરવામાં આવતા આરોપીને આગોતરા જામીન ઉપર મુકત યોગ્ય જણાતું નથી. વળી, જામીન પર મુકત કરવાનો હુકમ કરવામાં આવે તો ફરીયાદપક્ષના કેસને નુકશાન પહોંચાડે તેવી ફરીયાદપક્ષે વ્યકત કરેલ દહેશત બનાવનું સ્વરૂપ જોતા નકારી શકાય તેમ નથી. તે તમામ હકીકતો અને સંજોગો તથા બનાવનું સ્વરૂપ અને ગુનાની ગંભીરતાને ધ્યાને લેતા અરજદાર/આરોપીને આગોતરા જામીન મુકત કરવા ન્યાયોચીત જણાતું ન હોય, નીચે મુજબ હુકમ ફરમાવું છું.

-// હુકમ //-

હાલના અરજદાર/આરોપી નિશાબેન ધીરેન કારીયાએ આગોતરા જામીન ઉપર મુકત થવા માટે રજુ કરેલ હાલની ફોજદારી પરચુરણ અરજી નં. ૧૫૬/૨૦૨૬ આથી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૦૯મી માર્ચ, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

મુકામ– જુનાગઢ

તારીખ– ૦૯/૦૩/૨૦૨૬

(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)

પાંચમા એડીશ્નલ સેશન્સ જજ,

જુનાગઢ.

(જજ કોડ– GJ01005)